# 3 યુનિવર્સિટીના અભ્યાસક્રમો

## 3.1 સ્નાતક પદવી માટેનો પ્રારંભિક અભ્યાસક્રમ

3.1 બૅચલર્સ પ્રિપૅરેટરી પ્રોગ્રામ (BPP) ★અભ્યાસક્રમ કોડ : BPP

- 10+2ની લાયકાત ન ધરાવતા હોય છતાં અભ્યાસ કરવા માટે સક્ષમ હોય એવા મોટી સંખ્યામાં પુખ્તવયના લોકોને સ્નાતક પદવી (બી.એ/બી.કૉમ) મેળવવા માટે તૈયાર કરવાના હેતુથી બૅચલર્સ પ્રિપૅરેટરી પ્રોગ્રામ (બી.પી.પી.) શરૂ કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

**પ્રવેશપાત્રતા :**

કોઈ શૈક્ષણિક લાયકાત જરૂરી નથી. ગુજરાતી લખી, વાંચી શકતા હોય તેવા તેમજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરવાળા આ અભ્યાસક્રમમાં પ્રવેશને પાત્ર છે.

**અભ્યાસક્રમનો સમયગાળો :**

લઘુત્તમ- 6 માસ, મહત્તમ- 2 વર્ષ

*અભ્યાસક્રમની સંરચના :*

**વિનયન શાખા (B.A.)માં સ્નાતક પદવી મેળવવા માટેના પ્રારંભિક અભ્યાસક્રમના વિષયો**

| ક્રમ | પાઠ્યક્રમ*નું નામ* | પાઠ્યક્રમ કોડ |
|---|---|---|
| 1 | સમાજવિજ્ઞાનનો પ્રારંભિક પાઠ્યક્રમ | PSS-01 |
| 2 | ગુજરાતી ભાષાનો પ્રારંભિક પાઠ્યક્રમ | PGT-01 |

- અભ્યાસક્રમ ફી : રૂા. 900/- • શિક્ષણનું માધ્યમઃ ગુજરાતી

**વાણિજ્ય શાખા (B.Com.)માં સ્નાતક પદવી મેળવવા માટેના પ્રારંભિક અભ્યાસક્રમના વિષયો**

| ક્રમ | પાઠ્યક્રમ*નું નામ* | પાઠ્યક્રમ કોડ |
|---|---|---|
| 1 | સામાન્ય ગણિતનો પ્રારંભિક પાઠ્યક્રમ | PMT-01 |
| 2 | વાણિજ્યનો પ્રારંભિક પાઠ્યક્રમ | PCO-01 |

- સત્રાંત પરીક્ષા :

સત્રાંત પરીક્ષા કુલ ત્રણ કલાકની હોય છે. જેમાં ચાર પાઠ્યક્રમના પેપર પરીક્ષાર્થીને આપવામાં આવે છે. પરીક્ષાર્થીએ પ્રવેશ મેળવેલ બે પાઠ્યક્રમની પરીક્ષા આપવાની રહેશે. પ્રત્યેક પાઠ્યક્રમ માટે દોઢ કલાકનો સમય રાખવામાં આવે છે.

- સફળતાનું ધોરણ :

(1) બી.પી.પી. અભ્યાસક્રમ સંતોષકારક રીતે પૂર્ણ કરી પ્રથમ બી.એ/બી.કૉમ.માં પ્રવેશની લાયકાત મેળવવા માટે વિદ્યાર્થીઓએ સત્રાંત પરીક્ષામાં 36% ગુણ મેળવવા જરૂરી રહેશે. આ મુજબ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીના બી.એ./બી.કોમ. પદવી અભ્યાસક્રમમાં પ્રવેશ મળી શકશે. (આ અભ્યાસક્રમ માટે કોઈ ગુણપત્રક આપવામાં આવતું નથી) યુનિવર્સિટીની વેબસાઈટ પરથી ...માં ઉત્તીર્ણ થયા અંગેનો તથા બી.એ./બી.કોમ.માં પ્રવેશ મેળવવાની પાત્રતા અંગેનો પત્ર ઉપલબ્ધ થશે, જે વિદ્યાર્થીએ સ્વયં પ્રિન્ટ કરાવી તેના આધારે બી.એ./બી.કોમ. અભ્યાસક્રમમાં નિયત સમયમર્યાદામાં ઓનલાઈન પ્રવેશફોર્મ ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

(2) જે વિદ્યાર્થીઓ ઉપરોક્ત લઘુત્તમ ધોરણ મેળવવામાં નિષ્ફળ જશે તેઓ બે વર્ષના મહત્તમગાળા સુધીમાં ફરીથી સત્રાંત પરીક્ષા આપી શકશે.

(3) પ્રવેશ મેળવ્યાનાં બે વર્ષ પૂર્ણ થયા પછી જો કોઈ વિદ્યાર્થી પ્રારંભિક અભ્યાસક્રમ પૂર્ણ ન કરી શકે અને અભ્યાસ ચાલુ રાખવા ઈચ્છે તો ફરીથી નોંધણી કરાવી નિયત કરેલી ફી પુનઃ ભરવાની રહેશે.

**સમકક્ષતા**

**સ્નાતક પદવી માટેનો પ્રારંભિક અભ્યાસક્રમ (બી.પી.પી.) 10+2 અથવા કોઈ પણ અન્ય પરીક્ષાને સમકક્ષ નથી. પરંતુ વિધિસરની પ્રવેશ લાયકાત ન ધરાવનાર વ્યક્તિઓને આ યુનિવર્સિટીમાં સ્નાતક પદવી મેળવી આગળ અભ્યાસ કરવા માટે તૈયાર કરવાની આ યુનિવર્સિટીની માત્ર આંતરિક વ્યવસ્થા છે. આથી તે પાસ કર્યાનું કોઈ પ્રમાણપત્ર આપવામાં આવતું નથી.**

★ આ અભ્યાસક્રમમાં પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ ઉપલબ્ધ નથી. જેની ખાસ નોંધ લેવી